
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આત્માનંદ પ્રકાશ



: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા

ભાવનગર

પુસ્તક : ૬૩ અંક : ૪

મહા : વીર સં. ૨૪૯૨ : આત્મ સં. ૬૯ : વિ. સં. ૨૦૨૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનુક્રમણિકા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | જિનવાણી | | ૫૭ |
| ૨ | તજવાની શક્તિ | | ૫૮ |
| ૩ | મધુ તિષ્ઠતિ જિહ્વાગ્રે | ઝવેરભાઇ બી. શેઠ | ૬૦ |
| ૪ | પાપ અને પાપી | મનસુખલાલ તા. મહેતા | ૬૩ |
| ૫ | જીવનનો હિસાબ | પૂ૦ કેદારનાથજી | ૬૬ |
| ૬ | જૈન સમાચાર | | ૬૯ |


## સ્વર્ગવાસ નોંધ

લાલા હીરાલાલ માણેકચંદજી તા. ૮-૧૨-૧૯૬૫ના રોજ સ્વર્ગવાસી થયા છે. તે માટે આ સભા શોક પ્રદર્શિત કરે છે. સ્વર્ગસ્થ શેઠ આ સભાના આજીવન સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી તેમના કુટુંબીજનો પર આવી પડેલી આપત્તિ પ્રત્યે આ સભા દિલસોજી દર્શાવે છે. તેમના આત્માને શાસનદેવ પરમ શાંતિ આપે એવી અમો પ્રાર્થના કરીએ છીએ.


ગ્રામ : "Jahangir"

ફોન : મીલ : ૪૨૮૦
બંગલા : ૪૩૨૮

**ધી ન્યુ જહાંગીર વકીલ મીલ્સ કું. લી.**

મેનેજીંગ એજન્ટસ
**મંગળદાસ જેસીંગભાઇ સન્સ પ્રા. લી.**

પોસ્ટ બોક્સ નં. ૨
ભાવનગર


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




વર્ષ : ૬૩ ] ફેબ્રુઆરી ૧૯૬૬ [ અંક : ૪

# જિ ન વા ણી

मूलाओ खंधप्पभवो दुमस्स
खंधाउ पच्छा समुवेन्ति साहा ।
साहा–प्पसाहा विरुहन्ति पत्ता
तओ सि पुप्फं च फलं रसो अ ॥

વૃક્ષના મૂળમાંથી થડ ઉગે છે, થડમાંથી પછી જુદીજુદી શાખાઓ ઉગે છે, એ શાખાઓમાંથી બીજી નાની નાની ડાળો ફૂટે છે, એ ડાળો ઉપર પાંદડાં ઉગે છે, પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને ત્યારબાદ તે ફળોમાં રસ જામે છે.

एवं धम्मस्स विणओ
मूलं परमो से मोक्खो ।
जेण कित्ति सुयं सिग्घं
निस्सेसं चाभिगच्छइ ॥

એ જ પ્રકારે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા-પ્રશંસા અને કલ્યાણમંગળને શીઘ્ર મેળવે છે.

( ‘ મહાવીર–વાણી ’ : ગાથા ૭૨–૭૩. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તજવાની શક્તિ

સંપત્તિ મેળવવાની શક્તિ કરતા મોટી શક્તિ સંપત્તિ તજવાની છે. મેળવી તો ઘણા શકે છે, પણ તજી શકે છે કોઈકજ. પણ તજવા તજવામાં ઘણો ફેર છે. કેટલાંક આપે છે, કારણકે પોતાની નામના થાય માટે. આવી રીતે આપનારાઓ નિર્માલ્ય છે. કેટલાં આપે છે, ન આપે તો શું કરે માટે. સરકારથી ડરીને પણ કેટલાંક આપે છે. અશક્ત થવાથી મરણનો ભય પામીને કેટલાંક આપે છે. કાંઇજ ગતાગમ ન હોવાથી કેવળ શૂન્ય મનસ્ક થઈને આપે છે. એ શા માટે આપે છે એનું એમને ભાનજ હોતું નથી. આ ઘેટાં વૃત્તિ એ કાંઇ તજવાની શક્તિ નથી. આ બધા જ તજનારાઓ, આપનારાઓ ભલે દેખીતી રીતે કાંઇને કાંઈ દાન ધર્મ કરી રહ્યા હોય એમ લાગે પણ ખરી રીતે એ કાંઈજ કરી રહ્યા નથી.

આ વિચાર સરણી અનુદાર પણ લાગે પણ સમજવાનું આ છે કે, છેવટ માણસ જે કાંઇ કરે છે તે ભલે દુનિયાની સમક્ષ મોટું થઇને ઉભું રહે, ને એને પણ મોટો ભા બનાવે, પણ એણે એ કર્યું છે તે બરાબર છે કે નહિં એની આધાર શિલા એનું મન છે. એનું ધન નહિં. એના મનની ભાવના છે. એના મને જે રીતે, ને જે માટે, ને જે દૃષ્ટિ બિંદુએ કર્યું છે એ મહત્ત્વનું છે. બહાર ભલે ગમે તે દેખાય. પણ વ્યક્તિના પોતાના વિકાસમાં મહત્ત્વની વસ્તુ એનું મન છે. એના મનના તરંગો, વિચારો, કલ્પનાઓ, ભાવો, ભાવનાઓ એ અદૃશ્ય જણાતી બધી જ સૃષ્ટિ કિંમતીમાં કિંમતી છે. ને બહારની એની દેખાવ સૃષ્ટિ એ નિર્માલ્યમાં નિર્માલ્ય છે આ રીતે જોતાં નિત્ય જીવનની પળપળની શુદ્ધિ માટે જ માણુસ આંતર પ્રયત્ન કોઇ દિવસ કરતો નથી, ને એક દિવસ લાખનું દાન કરીને નામ કમાઇ લેવાનો મોહ રાખે છે એ માણુસના જેવો નિર્માલ્ય અને નિષ્ક્રિય અને નિષ્ફળ બીજો કોઇ નથી. એનાં કરતાં જે પોતાના ટાંચા સાધનોમાંથી હંમેશા કોઇને કોઇ રીતે બીજાને ઉપયોગી થવાનો કાંઇક પણ પ્રયત્ન કરતો હોય છે, એ માણુસ ઉત્તમ છે. હંમેશા એ વિષે જાગૃત પણ હોય છે. એવા માણસે ખરચેલી લાખ પાઇ, એ પેલા માણસના પચાસ કરોડ રૂપિયાના દાન કરતાં વધારે કિંમતી છે, વધારે સંસ્કારી પણ છે. અને વધારે સમાજ કલ્યાણકારક છે.

અણઘડ અસંસ્કારી માણસ દાન દેવા નીકળે એના જેવું સમાજની અધોગતિનું બીજું કોઈ જ પગલું નથી. એનાં કરતાં એ દાન ન દે ને એના પૈસા વેડફાઈ જાય કે ઠગ લોકો ઠગી જાય, તે વધારે સારૂં. કારણ કે જે સમાજમાં ખોટાં મૂલ્યાંકન થાય ને અર્થને ખોટી પ્રતિષ્ઠા મળે, એ સમાજ સો વર્ષે પણ...સંસ્કાર સ્થાપન કરીને કોઇપણ પરાક્રમ કરવાનો નથી. એ વાણી વિલાસમાંથી નવરો થવાનો નથી. અત્યારે જ આપણે ત્યાં વાણી વિલાસ કેટલો છે ને કામ કેટલું ઓછું છે. છેલ્લા વિશ્વ યુદ્ધમાં ભંગાર થયેલું જર્મની આપણને પૈસા ધીરે ને વાણી વિલાસ આપણે કરીએ ?

આ દૃષ્ટિએ જોતાં આપણો સમાજ જે જે દાન મેળવે છે, એમાં જ્યાં જ્યાં ભાવના નથી ને બીરુતા, કાયરતા, મોહને નામનાની ઝંખના રહી છે, ને એવી રીતે જે કાર્યકરો દાન મેળવવાની બડાશો હાંકે છે એ તમામ અ–માનવ છે, એ માનવ નથી, એ પૂતળાં છે પછી ભલે એ દાન એમણે સંસ્કાર-કાર્ય માટે મેળવ્યું હોય, કે શિક્ષણનું કાંઇ ને કાંઇ કામ કરી નાખવા મેળવ્યું હોય. આ બધાનું પરિણામ આપણી સામાજિક નીતિમત્તા ઉપર આવ્યું છે. આપણે ત્યાં વ્યક્તિને ભલે કદાચ નીતિ હોય, સમાજને તો કોઈ નીતિ નથી. કોઇ ભેગા મળીને અનીતિના કાર્યને, સેળભેળને, ચોરીને, ખોટાં નફાને, ખોટી તંગીને



For Private And Personal Use Only

અળસાવી શકતા નથી; મુંબઈમાં ગોડાઉનોમાં ત્રણ દિવસ હડતાળ રહે કે તરત દવાવાળા, પરદેશી માલ વાળા, દેશી દાણાવાળા ને ઘીવાળા પણ એ બહાનું આગળ કરીને ભાવ ચડાવો કરી મૂકવાના ને પાછા દાન દેવાના.

એટલે ખરી જરૂર હવે આ વાતની છે કે, આપણે અર્થ પ્રધાન સમાજને બદલવો ઘટે છે. વંશપરંપરા નિર્માલ્યોને સોંપાતી સંપત્તિ એ સરકારી રાહે જ નિર્માલ્યોને ન સોંપતા પાછી કોઇ એવી સમાજ કાર્યમાં સોંપાઇ જવી જોઇએ, કે આપણે એમાંથી જ ઘણા સાર્વજનિક કામ ઉભા કરી શકીએ. તો જ આપણે ત્યાં નીતિમત્તાનું કોઇ ધોરણ સ્થપાશે.

અત્યારે તો ન પકડાયેલા ચોર વેપારી લાખોનાં દાન કરે ને સમાજમાં એની પ્રતિષ્ઠા થાયઃ ખાનગીમાં તો સૌ કાન કરડતા હોય છે કે, 'ભાઇ; એતો આમને આમ થયું.'

દાન જેવી આપણી આધ્યાત્મિક શક્તિને આપણે વેપારની ને સોદાની ને કીર્તિની ને દેખાવની ચીજ બનાવી દીધી છે. એતો અધોગતિની હદ કહેવાય. ખરી રીતે તો સંસ્કારી દાન લેનારની સાચા કાર્યકરોએ એક વાત સ્પષ્ટ મૂકવી જોઇએ કે, તમારૂં નામ પણ નહિ આવે, ને તમારી નામના પણ નહિ થાય. આ શરતે જ તમારામાં તજવાની શક્તિ હોય તો તજો ને નહિતર કાંઇ નહિ;

પણ કાર્યકરો પોતે પણ સંસ્કારના કાર્યમાં પડ્યા છતાં માન તો સંપત્તિને જ આપે છે. ચિત્રકળાનું પ્રદર્શન હોય કે, સંગીત સભા હોય કે, સાહિત્ય મિલન હોય કે તત્ત્વજ્ઞ-ચર્ચા હોય, પ્રધાન કે શેઠિયો એમાં ડીટું પણ સમજતો ન હોય, પણ ઉદ્‌ઘાટન તો એને હાથે જ થાય?

એટલે આપણા માટે પ્રશ્ન તો આ છે; આટલી ઝડપથી વધતી વિદ્યા-વિજ્ઞાનની આગેકુચમાં આપણે જોડાઇ શકશું ખરા? કે પછી કેવળ ભણેલા 'કુલી' જ રહેશું?

અત્યારે તો આપણી પ્રજામાં જંગલી અણઘડ ને અક્કડ સમૃદ્ધિવાળા વેદિયા અને કુલી જેવા સંસ્કાર કાર્યકરો અને બૂમ બરાડા પાડતા-કામ ટાળતા મજૂરો, એ ત્રણ વર્ગ સિવાય બીજો કોઇ વર્ગ જ અસ્તિત્વમાં રહેવાનો સંભવ નથી. જેણે શિક્ષણ સંસ્કાર, સમૃદ્ધિ અને શક્તિ બધાંની સત્તા તુલાનો વારસો મેળવ્યો હોય, ને તેથી પ્રજાનું ખમીર જેમનામાં સચવાઇ રહેવાની શક્યતા હોય એવો કોઈ જ માર્ગ આપણી આ અભિનવ રચનામાં અસ્તિત્વ ધરાવતો દેખાતો નથી.

આપણને વાણી વિલાસની છૂટ છે. પણ ભાવિ અંધકારમય છે. વિભિન્ન થયેલાં માણસોનાં ટોળાં જ છેવટે આપણે ત્યાં સર્વનાશ લાવશે. કારણ કે આપણે અર્થનેજ પ્રધાન ગણીએ છીએ, માનવીને નહિ. માનવ સંસ્કારરિતાને પણ નહિ. વિદ્યાને, વિજ્ઞાન કે શક્તિને પણ નહિં. કેવળ અર્થ જ પ્રધાન છે, ને "સર્વ ગુણાઃ કાંચનમાશ્રયન્તે" એ આપણી સામાજિક નીતિમત્તાનો પાયો છે. એટલે સર્વનાશ ત્યાંથી આવશે.

**"વિદ્યાલય"માંથી સાભાર**

# ॥ मधु तिष्ठति जिह्वाग्रे ॥

લેખક : **ઝવેરભાઇ બી શેઠ** બી. એ.

જેની ભાષા મધુર હોય, જેની ગીરા અમૃતમય હોય તેની જીભ ઉપર મધ જેવું અમૃત સદાય માટે વાસ કરે છે, એમ કહેવાય છે. પ્રત્યેક માનવીએ પોતાની ભાષા મીઠી, મધુર, વિવેકયુક્ત છતાં મિત રાખવી જોઇએ. કોઈ પણ માનવીને આપણે કટુ વચનો કહીએ તો તેથી એ માનવીને તો પારાવાર દુઃખ થાય જ છે. સાથોસાથ આપણે કર્મ બંધન કરીએ છીએ.

કાણા માણસને 'કાણિયો' કે 'બાડિયો' કહીને બોલાવે તો તેને માઠું લાગે છે. વિવેક ચૂકીને આપણે માતાને 'પિતાની પત્ની' એમ કહીએ તો કેટલું અજુગતું અને કડવું લાગે? તેથી તો આપણામાં કહેવાય છે કે –:

કાણાને કાણો નવ કહીએ માઠાં લાગે વેણ
ધીમે રહીને પૂછીએ કેમ ગુમાવ્યાં નેણ

'તમારી આ આંખને કેવી રીતે ઇજા પહોંચી, ભાઇ ! એમ પૂછીએ તો તે કાણો માણસ સાચી બીના સત્વર જણાવી દેશે.

પરંતુ સામાન્ય રીતે આપણે મધુર ભાષા વાપરવાને બદલે કડવી ભાષા વાપરીએ છીએ. સૌથી મધુર લાગતી નિંદાખોરીમાં આપણે ઘણો સમય વ્યતિત કરીએ છીએ. નિંદારસ એવો છે કે તેમાં જેની નિંદા થતી હોય તેના અવગુણો ગાવાના હોય છે. તેમાં મીઠું-મરચું ભભરાવામાં આવે છે. વાતને ચગાવવામાં આવે છે. તે હોય તેના કરતાં અનેકગણી મોટી ચિતરવામાં આવે છે. તેથી સ્વાભાવિકરીતે જ તેમ કટુ વચનો, કનિષ્ટ ઉચ્ચારણો આવવાનાજ

પરંતુ રસપૂર્વક આવી નિંદા કરનાર અને ઉલ્લાસપૂર્વક તેને સાંભળનાર એ ભૂલી જાય છે કે એવી જ નિંદા અન્ય કોઈ તેમની પોતાની (નિંદા કરનાર અને સાંભળનારની) કરશે તો તેમને ગમશે ખરૂં? નહીં જ ગમે. જો આપણને, કોઇ આપણી નિંદા કરે તે ન ગમતું હોયતો આપણે બીજાની નિંદા પણ કરવી જોઇએ. કારણ કે તેમને પણ આપણી જેમ ન એ વસ્તુ ગમતી નથી. સાચું પૂછો તો આત્મભાવે સૌ સમાન છે પરંતુ કર્માનુસાર 'મુંડે મુંડે મતિર્ભિન્ના' હોય છે. પ્રત્યેક માનવીની પ્રકૃતિ પૃથક્ પૃથક્ હોય છે. એટલે જ આપણે તો વિસંવાદિતામાંથી સંવાદિતા શોધી કાઢવાની છે. કટુતામાંથી મધુરતા મેળવવાની છે.

જે માણસો વાતવાતમાં ઉશ્કેરાઈ જાય છે તેઓ વિવેક ચૂકીને જ ફાવે તેમ બોલી નાખે છે. તે તેની માતાને, તેના પિતાને, પત્ની, ભાઇ, પુત્ર, પુત્રી કે બેનને ફાવે તેમ અને ફાવે તેવું કહી નાખે છે. મગજ ઉપરનો કાબુ ગુમાવ્યા પછી તેનું કંઇ ધાર્યું જ રહેતું નથી. પછી તો તેમને પોતાને પણ પોતાના અપકૃત્ય માટે પસ્તાવો થાય છે. પરંતુ તીર છૂટી ગયા પછી પાછું વાળી શકાય ખરૂં? થૂકયું ગળી શકાય ખરૂં?

એટલા માટે જ જગતના મહાપુરૂષો કહે છે કે વચન ઉચ્ચારતાં પહેલાં ખૂબ વિચાર કરો.

Give they ear to everyone but thy tongue to few.

સાંભળવું સૌનું પરંતુ બોલવાનો વારો આવે ત્યારે ખૂબ વિચાર કરીને અને તોળીને બોલવું. કારણ કે 'શબ્દ બ્રહ્મ' છે. પ્રત્યેક વચનની કિંમત છે. કહોને શુભ વાકયો, સુંદર સુભાષિતો, મધુર ગીરા તો અમૂલ્ય છે. એટલા માટે સંસ્કૃતમાં કહ્યું છે કે:



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir
For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## सत्यं ब्रूयात् प्रियं ब्रूयात् ॥

સત્ય બોલો પરંતુ પ્રિય બોલો. સત્ય કહેવામાં કટુતા ન આવી જાય તેની તકેદારી રાખવાની છે, જો તેમાં કટુતા આવી જાય તો સત્ય સમજાવવાનો મૂળ હેતુ મર્યો જાય છે.

આપણે જાણીએ છીએ જગતના સઘળાં મહાપુરુષોની ભાષા મીઠી–મધુર હતી. આપણા તીર્થંકર ભગવંતોથી માંડીને હિંદમાં થએલા ઈતર ધર્મના મહાપુરુષો જેવા કે, બુદ્ધ, દયાનંદ સરસ્વતી, રમણ મહર્ષિ, વિવેકાનંદ, મહાત્મા ગાંધી, નરસિંહ મહેતા અને મીરાંના વચનોમાં જેમ જ્ઞાન સભર ભર્યું છે તેમ અમૃત પણ તોળી તોળીને ભરેલું છે. તેમનાં વચનો સાંભળીએ, તેમનાં પુસ્તકો વાંચીએ ત્યારે આપણા હૃદયમાં પ્રસન્નતા જાગે છે, આપણો આત્મા પ્રભાવિત થઇ જાય છે.

અમારા પાડોશમાં એક મધુરીબેન રહે છે. નામ એવા જ એમના ગુણ. એમની ભાષા એટલે સાકરના કટકા. એમના પતિ સરકારી અધિકારી છે. તેમને ત્રણ બાળકો છે.

મધુરીબેનની મીઠી ભાષાથી કેટલાએ માણસો પ્રભાવિત થયા છે. કુદરત પણ મધુરીબેનની કોઈ કોઈ વાર કપરી કસોટી કરે છે.

કલકત્તાથી મધુરીબેન એક કિંમતી થર્મોસ લાવેલા. તેમના પાડોશી નયનાબેન તે માગીને લઈ ગએલા. તેમને તેમાં ચા ભરીને, તેમના ભાઇ–ભાભી માટે સ્ટેશને લઈ જવાની હતી. તેઓ તે લઈ ગયા. ચા–પાણી પાઇને ભાઇ–ભાભીને તેમણે ખુશ કર્યાં ગાડી ચાલી ત્યારે નયનાબહેને ખાલી થર્મોસ તેના મોટા બાબાને આપ્યો. નયનાબેન જ્યારે તેમના ભાઈ–ભાભીને 'આવજો, આવજો' કહી વિદાય આપી રહ્યા હતા ત્યારે તેમના નાના બાબાએ મોટા બાબા પાસેથી થર્મોસ ઝૂંટવ્યો. થર્મોસનો પટ્ટો તૂટી ગયો, અને થર્મોસ જમીન ઉપર પટકાયો તેવો જ તૂટી ગયો. આ દ્રષ્ય જોઇને નયનાબેન મુંઝવણમાં મૂકાઈ ગયા. તેઓ તેમના બન્ને બાબા ઉપર ખૂબ ક્રોધે ભરાયા અને તેમને તેમણે બે–ચાર થપ્પડ પણ લગાવી દીધી. એ છતાં તૂટેલો થર્મોસ થોડો સંધાઇ જાય? થર્મોસના ટૂકડા લઇને, નિરાશ વદને નયના બહેન સ્વ-ગૃહે આવ્યા. હવે મધુરીબહેનને મુખ કેમ બતાવવું? તદ્દન નવો નક્કોર અને સુંદર થર્મોસ તેમના બાળકોએ તોડી નાખ્યો હતો. છતાં કાળજુ કઠણ કરીને, પોતે માફી માગવા લાગ્યા. જે કંઈ કિંમત થતી હોય, તે આપવાની તૈયારી બતાવી.

બીજી કોઇ સામાન્ય સ્ત્રી હોત તો પોતાને પ્રિય એવી સુંદર વસ્તુને તોડી નાખનાર વ્યક્તિને નીચેના શબ્દો જ સુણાવત :

'સચવાતો ન હોય તો કિંમતી થર્મોસ માગીને લઇ શા માટે જતા હશો? દુનિયામાં તમારી જેવા અણુઝ માણસો ને કોઇ ચીજ માગી આપવી ન જોઇએ. આ તો મનપસંદ ચીજની કિંમત છે કે પૈસાની? મને એવો ને એવો થર્મોસ મંગાવી આપજો, સમજ્યા મોટાબેન?'

આથી પણ કદાચ કટુ વચનો સંભળાવ્યા હોત પરંતુ આ તો મધુરીબહેન. તેમણે તો પોતાને સહજ સાધ્ય સ્વસ્થતા ધારણ કરીને નયનાબહેનને કહ્યું :

'તમે મુંઝાવ છો શા માટે? મારા બાળકોએજ એ થર્મોસ તોડી નાખ્યો હોત તો હું કોને ફરિયાદ કરવા જાત? માણસ જેવો માણસ ફટાકડાની જેમ ફૂટી–ઉડી જાય છે ત્યારે આપણે કોઈને કાંઈ કહી શકીએ છીએ? હું માનીશ કે મારા બાળકોએ જ તે તોડી નાખ્યો છે. તમે ચિંતા ન કરશો તમારા ભાઈ અઠવાડિયા પછી જ કલકત્તા જવાના છે. તે બીજો લેતા આવશે. જો જો પૈસા આપવા આવતા નહીં. હું તે સ્વીકારીશ નહીં. અને થર્મોસ તૂટી ગયો તેથી સંકોચ રાખીને બીજી ચીજ માગવા ન આવવી



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેવું ન કરતાં. મારી ચીજ મારા પાડોશીઓને ખપ નહીં લાગે તો બીજા કોને લાગશે ?'

આ અમૃતવાણી સાંભળીને નયનાબહેનને ટાઢક થઇ ગઇ. તેમની આંખમાં આંસુ આવી ગયા. તેઓ મધુરીબેનના વલણ અને તેમની વાણી ઉપર આફ્રીન થઇ ગયા.

કોઇ પણ કચેરીમાં આપણે જઇને પૂછપરછ કરીએ કે આ ઓફીસના મોટા સાહેબ કયારે મળશે ? ત્યારે જવાબ શું મળે છે ખબર છે ?

'આ બોર્ડમાં ઓફીસનો સમય લખેલો છે, વાંચી લ્યો ને ! કોઇને વાંચવું નથી ને આખો દિવસ પૂછી પૂછીને દમ કાઢી નાખવો છે. આવા ને આવા આખો દિવસ ચાલ્યા જ આવે છે.'

તો વળી એક ઓફીસના એક કામદાર પાસે હું ગયો. તેઓ વિવેકી અને માયાળુ હોય તેવું લાગ્યું. તેમણે મને આવકાર્યો, બેસવા માટે મને ખુરશી આપી અને મારે માટે પીવાનું પાણી મંગાવ્યું. મેં તેમને જે જે સવાલો પૂછ્યા તેના તેમણે એટલા સુંદર, સાચા છતાં ધીરજપૂર્વક જવાબ આપ્યા કે હું તો તેમની ઉપર ખુશ થઇ ગયો.

અમારા ગામમાં એક ડોકટર સરકારી દવાખાનામાં મેડીકલ ઓફીસર તરીકે આવેલા. સામાન્યતઃ ડોકટરોની ભાષા મીઠી નથી હોતી. પરંતુ આ ડોકટર સાહેબ તેમાં અપવાદરૂપ હતા. તેઓ પ્રત્યેક દર્દીને ઝીણવટથી તપાસતા. તેમને સઘળી સૂચનાઓ વિગતવાર આપતા અને દર્દી પૂછે તે પ્રશ્નોનો ઉત્તર તો એટલા બધા મીઠા શબ્દોમાં આપતા કે દર્દીનું અર્ધું દર્દ તેથી ઓછું થઇ જતું. તેમણે લોકોની ખૂબ ખૂબ ચાહના મેળવી હતી.

એ જ ડોકટર નિવૃત્ત થઇને અમારા ગામમાં આવ્યા અને તેમણે ખાનગી દવાખાનું શરૂ કર્યું ત્યારે આખા ગામમાં તેમની પ્રેકટીસ સૌથી વધારે ચાલતી હતી.

મારા એક મિત્ર છે તેઓ અત્યંત મિતભાષી અને મધુભાષી છે. તેઓને કોઇની સાથે વેર બંધાયું નથી. મેં તેમને સવાલ કર્યો કે સૌની સાથે તમે પ્રેમભાવ અને મૈત્રી જાળવી શકયા છો તેનું કારણ શું ? જવાબમાં તેમણે મને નીચેનો શેર સંભળાવ્યો.

કરૂં હું શત્રુતા કોની સાથે ?
　　જ્યાં કોઇ મુજ દુશ્મન નથી,
મહોબ્બત ભરી છે એટલી દિલમાં
　　કે અદાવતને ત્યાં સ્થાન નથી.


## ભાડે આપવાનું છે

ભાવનગર ખારગેટ–દાઉદજીની હવેલી પાસે સભાનું એક ચાર માળનું મકાન આવેલું છે. આ મકાનનો ત્રીજો–ચોથો માળ ભાડે આપવાનો છે. ભાડે રાખવા ઇચ્છનાર ભાઇઓએ નીચેના સ્થળે મળવું.

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પાપ અને પાપી

લેખક : **મનસુખલાલ તા. મહેતા.**

ચેટકરાજાની પુત્રી શિવાદેવીના લગ્ન ઉજ્જૈનના મહાપ્રતાપી રાજવી ચંડપ્રદ્યોત સાથે થયા હતા. ચંડપ્રદ્યોત ક્રૂર હોવા છતાં મહાપ્રભાવશાળી અને મહાશક્તિશાળી રાજા હતો. શિવાદેવી તેને સૌથી વધુ પ્રિય હતી અને તેથી જ તેનું સ્થાન બધી રાણીઓમાં પટરાણી તરીકેનું હતું. ચંડપ્રદ્યોતની ઉગ્રતા શિવાદેવીના સાંનિધ્યમાં શીતળતામાં પલટાઇ જતી. શિવાદેવીનું જેવું તેજસ્વી રૂપ હતું તેવું જ તેનું શુદ્ધ ચારિત્ર હતું અને જેવું શુદ્ધ ચારિત્ર હતું તેવી જ તેની નિર્મળ બુદ્ધિ હતી. રાજ્ય વહીવટમાં પણ ચંડપ્રદ્યોત અને તેના મહામંત્રી સાથેની ચર્ચામાં તે અગ્રભાગ લેતી અને ઘણી વખત અટપટા કોયડા ઉકેલવામાં તેની બુદ્ધિ માર્ગદર્શન રૂપ થઇ પડતી.

મહામંત્રી અવારનવાર શિવાદેવીના પરિચયમાં આવતો અને શિવાદેવીના રૂપ અને બુદ્ધિના કારણે તેના પ્રત્યે તેનું આકર્ષણ થયું. શિવાદેવી સાથે વાત કરતાં તેના મનમાં કાંઇ અકથ્ય ભાવો જાગી ઊઠતા અને તેની કામવાસના પ્રદીપ્ત થતી. તેની આવી તુચ્છ ઇચ્છાને તૃપ્ત કરવા તેણે શિવાદેવીની એક અંગત દાસીને સાધી અને તેને સારી એવી રકમ આપી પોતે શિવાદેવી પાછળ મુગ્ધ થઇ ગયો છે એવો સંદેશો મોકલાવ્યો. દાસી આમ તો શિવાદેવીની પ્રકૃતિ અને સ્વભાવથી પરિચીત હતી, પણ રાજમહાલયોમાં આવા ખાનગી વહેવારો સ્વાભાવિક હોય છે એમ માની મોટી રકમની લાલચે તેણે બીતા બીતાં મહામંત્રીના સંદેશાની વાત શિવાદેવીના મોઢે કરી. શિવાદેવીએ તેને ધધડાવી સખત ઠપકો આપ્યો અને મહામંત્રી સાથે કોઇ પણ જાતના સંબંધ ન રાખવા સખત તાકીદ આપી.

દાસી તરફથી કશા સમાચાર ન આવ્યા એટલે મહામંત્રીને લાગ્યું કે શિવાદેવી પાસે આ વાત કરવાની દાસીની હિંમત જ નહીં ચાલી હોય, નહિં તો હા–નાનો કોઇ જવાબ તો આવે ને!

એવામાં ચંડપ્રદ્યોતને ઉજ્જૈનની બહાર જવાનું બન્યું અને આ તકનો લાભ લઈ મહામંત્રી શિવાદેવી પાસે ગયો. શિવાદેવી પાસે પોતાનો દુષ્ટ ઇરાદો જાહેર કરી કહ્યું: 'કેટલાયે વખતથી હું તમારા સ્વપ્નો જોતો થયો છું અને હું તો માનું છું કે જગતની દરેક દરેક વ્યક્તિએ અચાનક–અનાયાસે પોતાને જે પ્રાપ્ત થાય તે ભોગવી લેવું જોઇએ, કારણ કે તેમાં જ જીવનની સાર્થકતા છે. સ્ત્રી અને પુરૂષને મળેલાં રૂપ–લાવણ્ય, સૌન્દર્ય–માધુર્ય કાંઈ સદાકાળ ટકતાં નથી. વસંત ઋતુ પાછળ પાનખર આવે જ છે અને યુવાની પાછળ વૃદ્ધાવસ્થા પણ ચાલી જ આવતી હોય છે. ચંડપ્રદ્યોત આ વસ્તુ સમજે છે, તેથી જ ભ્રમરની માફક...'

શિવાદેવીએ મહામંત્રીને અધવચથી બોલતો રોકી ઊંચા અને આકરા અવાજે કહ્યું: 'ચૂપ રહો! ઉજ્જૈન જેવા મહારાજ્યના મહામંત્રીને આવું બોલવું છાજતું નથી અને શોભતું પણ નથી. વસંત પાછળ પાનખર ઋતુ આવવાની છે, યુવાની પછી વૃદ્ધાવસ્થા આવવાની જ છે એનું જેને ભાન હોય તે તો શીલ અને સંયમ વડે પોતાની યુવાનીનું રક્ષણ કરતો હોય છે.'

મહામંત્રીએ વિચાર્યું કે આવી બાબતમાં કોઈ પણ સ્ત્રી સહજ રીતે વશ થતી નથી કારણ કે પ્રકૃતિ અને સ્વભાવે સ્ત્રી જાત માનુની હોય છે. તેને બીજો એક એવો પણ ભ્રમ હતો કે સ્ત્રીની કામવાસના પુરૂષ કરતાં અધિક પ્રમાણમાં હોય છે, તેથી આવી બાબતમાં પુરૂષનો ચોક્કસ વિજય થાય છે. બધાજ કામી માણસોની આવી ભ્રામક માન્યતા હોય છે, કારણકે કામનાથી ઘેરાયેલા માણસને જે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સ્ત્રી પર તેની વાસનાયુક્ત દૃષ્ટિ હોય તે સ્ત્રીમાં તે પોતાના મનમાં ભાવોનું જ પ્રતિબિંબ જોતો હોય છે. સ્ત્રી અને પુરૂષના દેહની રચનામાં ફરક છે, પરન્તુ અંદરની ચીજ એક જ છે અને તેઓના આત્મા વચ્ચે કોઈ ભેદભાવ નથી; બંનેના આત્માની શક્તિ સમાન છે. તેથી, પુરૂષને સબળ અને સ્ત્રીને નિર્બળ માનવી એ એક જાતનું નર્યું ગાંડપણ છે, પણ કામી પુરૂષને આ નક્કર સત્યનું ભાન નથી હોતું માણસ જેનું ચિંતન કર્યા કરે તેનું ચિત્ત તેમાં જ તદાકાર થઈ જાય છે, એમ શિવાદેવીના યૌવન અને રૂપમાં પાગલ થયેલો મહામંત્રી પોતાના ગાંડપણનું પ્રદર્શન કરતાં બોલ્યો: 'મારે તો અહિં વારંવાર તમારી સમક્ષ આવવું જ પડે છે, એટલે આપણા વચ્ચે પ્રીત થાય એમાં તમારે છૂપાવવાનું કે શરમાવાનું કોઇ કારણ નથી; આપણી પ્રીતને કોઇ ત્રીજો જાણી શકવાનું નથી.'

સ્ત્રીને પોતાની પ્રશંસા સાંભળવી બહુ ગમે છે અને એમ પ્રશંસા કરનાર પર તે મોહી પડે છે, એવા ભ્રમપૂર્વક વળી મહામંત્રીએ કહ્યું: 'તમારા રૂપ અને યૌવન, ગુણો અને શક્તિ તેમજ સૌન્દર્યતા અને મધુરતા પાછળ હું ઘેલો થયો છું, અને મારી ઇચ્છાને તમે તૃપ્ત કરવામાં પાછા નહિં પડો એવી ખાતરી છે. હું આપની પાસેથી કશું લેવા નહિ પણ મારૂં સર્વસ્વ તમારા ચરણે સમર્પવા આવ્યો છું.'

શિવાદેવીએ મહામંત્રી તરફ વક્રદૃષ્ટિ કરી કટાક્ષભરી ભાષામાં કહ્યું: 'અહો! મહામંત્રીજી! ત્યારે આપ તો મારી સાથે પ્રેમ કરવા આવ્યા છો! તમને આ સ્થિતિમાં જોઈ મને શુકદેવજીની વાત યાદ આવી જાય છે. શુકદેવજીને તપો ભંગ કરવા માટે ઇન્દ્રે દેવલોકમાંથી રંભાને તેની પાસે મોકલાવી. સમાધિમાંથી જાગ્રત થતાં રંભાને પોતાની સામે નૃત્ય કરતાં જોઈ શુકદેવજીએ તેને પૂછયું: 'આપ કોણ છો? અને શા માટે અહિં પધાર્યાં છો?' રંભાએ જવાબ આપતાં કહ્યુંઃ

'તપસ્વીજી! હું સ્વર્ગની અપ્સરા રંભા છું અને સ્વર્ગની તમામ અપ્સરાઓમાં મારૂં સ્થાન મોખરે છે. સામાન્ય રીતે દેહ બહારથી જેટલો સુંદર અને સુશોભિત લાગે છે, તેટલો અંદરથી દુર્ગંધથી ભરેલો અને કુરૂપ હોય છે, પણ મને તો બહારનું અને અંદરનું એક સરખું રૂપ પ્રાપ્ત થયું છે. જેવું બહાર તેવું જ અંદર.' રંભાની વાત સાંભળી શુકદેવજી હસ્યા અને બોલ્યા: 'પણ આપનું આવાગમન અહિં શા કારણે થયું છે તે તો આપે ન ન કહ્યું.' રંભાએ સ્મિત અને લજ્જાપૂર્વક કહ્યું: 'ભોગી અને તપસ્વી વચ્ચેનાં ભેદ સર્જન જુનાં છે. એક ભોગ પાછળ ઘેલો થાય છે, બીજો ભોગથી દૂર નાસે છે; એટલે મારે આપને સ્પષ્ટ રીતે સમજાવવું જ રહ્યું કે હું આપના ચરણોની દાસી થઈ રહેવા માટે આપની સમક્ષ આવી છું.' શુકદેવજીએ રંભાને જવાબ આપતાં કહ્યું: 'માતા! જેનું બહારનું અને અંદરનું સ્વરૂપ એક સરખું હોય, તેને ચરણોની દાસી બનાવવાનું ન હોય, તેના કૂખે તો જન્મ લેવાનું હોય. બીજો જન્મ લેવાનો હશે તો તમારે ત્યાં પુત્ર તરીકે જન્મ લઈશ, જેથી તમારી સુંદરતા અને વિશુદ્ધતાનો મને પણ લાભ મળશે.'

શિવાદેવીએ વાત પૂરી કર્યા પછી મહામંત્રીને પૂછ્યું: 'શુકદેવજીનો જવાબ સાંભળી રંભા તો માનભંગ થઇ પાછી સ્વર્ગમાં ચાલી ગઈ, હવે કહો, આપને શું કરવું છે?'

મહામંત્રીને શૂન્ય મનસ્ક બનેલો જોઇ છેલ્લો ઘા મારતાં આખરે શિવાદેવીએ કહ્યું: 'નારીના બે સ્વરૂપ છે; એક માતૃ સ્વરૂપ અને બીજું પ્રેયસી સ્વરૂપ. એક સ્વરૂપ માનવીને સિંહાસન પર અને બીજું સ્વરૂપ શૂળી પર ચઢાવે છે. તમારે શૂળી પર ન ચઢવું હોય તો આ જ પળે અહિંથી ચાલ્યા જાઓ.'

મહામંત્રીજી વીલું મોઢું કરી પોતાના નિવાસસ્થાને પાછા ફર્યાં, પણ તેને ભય લાગ્યો કે આ વાત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચંડપ્રદ્યોત પાસે જવાની અને પરિણામે ભૂલની સજા મૃત્યુમાં જ પરિણમવાની. આવા ભયને કારણે તે બીમાર પડ્યો, અને થોડા દિવસો બાદ ચંડપ્રદ્યોત ઉજ્જૈનમાં પાછો ફર્યો.

ચંડપ્રદ્યોત અને શિવાદેવી બંને સાથે બીમાર મહામંત્રીને જોવા તેના નિવાસસ્થાને ગયા, ત્યારે પગથી માથાં સુધી શાલવડે પોતાના શરીરને ઢાંકી મહામંત્રી ઉંઘી રહ્યા હતા. ચતુર શિવાદેવીએ જાણી લીધું કે મહામંત્રી આંખો વીંચી ઉંઘવાનો ઢોંગ કરી પડી રહ્યા છે, કારણ કે રાજા અને રાણીને તેનું મોઢું બતાવવાની તેનામાં હિંમત ન હતી. ચંડપ્રદ્યોત ત્યાંથી અન્ય કામે ચાલી ગયો અને શિવાદેવીએ મહામંત્રીના જાગ્રત થયા પછી જ મહેલમાં જશે એમ કહી દીધું. શિવાદેવીએ પછી મહામંત્રીને ઢંઢોળી કહ્યું: 'મોટાભાઈ! જગતમાં માનવીને એકાદ ભૂલ ભરેલો વિચાર આવી જાય તો તેથી કાંઈ હંમેશ માટે તે શાપિત બની રહેતો નથી અને દરેક માનવી પશ્ચાતાપની ભઠ્ઠીમાં તવાઇને નિર્મળ–નિર્દોષ બની બહાર આવે તેવી જ પરમ કૃપાળુ પરમાત્માની ઇચ્છા હોય છે. ધિક્કાર અને તિરસ્કાર પાપયુક્ત વિચાર અને કાર્ય પ્રત્યે જરૂર હોય, પણ પાપી પ્રત્યે તો એકાંતે દયા અને અનુકંપા જ હોવા જોઇએ. માનવીએ બનાવેલા કાયદાઓ અને ઇશ્વરી અદાલતના નિયમો ભિન્ન ભિન્ન હોય છે. માનવ રચિત કાયદાઓથી માણસ વધુ અને વધુ નપાવટ બનતો જાય છે, ત્યારે ઇશ્વરના કાયદાઓનો હેતુ તો માનવને વધુ પવિત્ર, સદાચારી અને ઉત્તમ બનાવવાનો હોય છે. તમારી અને મારી વચ્ચે થયેલી વાતચીત કોઇ ત્રીજી વ્યક્તિ જાણવાની નથી, અને હવે જ્યારે તમે પશ્ચાતાપની ભઠ્ઠીમાં તવાઇ રહ્યા છો, ત્યારે એ વાત અન્યને કહેવાનો કાંઇ અર્થ પણ નથી.'

શિવાદેવીની વાત સાંભળી મહામંત્રીએ પલંગમાંથી ઉતરી તરત જ તેના ચરણો પકડી લીધાં અને અશ્રુભીની આંખોએ કરુણાર્દ્ર સ્વરે કહ્યું: 'માતા! મને જન્મ આપનારી માતાએ આ પૃથ્વી પર મને લાવવામાં મદદ કરી, પણ તમે તો મને અધઃપતનના માર્ગે જતો અટકાવી નવું જીવન આપ્યું છે. તમારો આવો ઉપકાર હું કોઇ જન્મે પણ નહિં ભૂલી શકું.'

શિવાદેવીએ તેને ઉભા કરી કહ્યું: 'મોટાભાઇ! માણસની કીર્તિ અને શોભા કોઇ દિવસ તેના હાથે ભૂલ જ ન થાય તેમાં નથી, પણ દરેક વખતે જ્યારે ભૂલ થાય ત્યારે પશ્ચાતાપ દ્વારા ભૂલને સુધારી એવી ભૂલ ન જ થવા પામે એવી રીતે સાવચેતીપૂર્વક જીવવામાં છે.' મહામંત્રીના જીવનનું પરિવર્તન થયું અને તેનું જીવન દોષરહિત બની ગયું.

પોતાના મન અને ઇન્દ્રિયોને શાંત કરવાની કળા જ્ઞાનીઓ જાણે છે, પણ મહાજ્ઞાની તો અન્યને પણ તેના મન અને ઇન્દ્રિયોને શાંત કરવાની કળા શીખવે છે, અને જગતમાં આજે માત્ર જ્ઞાનીઓની નહિં પણ શિવાદેવી જેવા મહાજ્ઞાનીઓની જરૂર છે.

ઇતિહાસ કહે છે કે ભગવાન મહાવીર પાસે દીક્ષા લઇ શિવાદેવી માતાનો જીવ એ જ ભવમાં મુક્તિ ધામમાં સંચર્યો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જીવનનો હિસાબ

પૂ. કેદારનાથજી

માનવજીવન અમૂલ્ય છે. એ વ્યર્થ ન જાય માટે એનો સાવધાનીપૂર્વક હિસાબ રાખવો જોઇએ. જે વેપારી હિસાબ રાખે છે, અને સાવધાનીથી પોતાનો વ્યવહાર ચલાવે છે એને કદિ ખોટ જતી નથી. એજ પ્રમાણે જે લોકો પોતાના જીવનનો હિસાબ રાખે છે, તેઓ પોતાના જીવનને ઉન્નત અને સફળ બનાવે છે. જીવનને ઉન્નત બનાવવા માટે એનો હિસાબ રાખવો જરૂરી છે. તેમજ આપણે કેવું જીવન બનાવવું છે એનો આદર્શ પણ દૃષ્ટિ સમક્ષ રાખવો જરૂરી છે. આપણી સામે કોઇ ઉચ્ચ આદર્શ હશે અને એ આદર્શ સિદ્ધ કરવા માટે આપણે પ્રયત્નશીલ હઇશું તો નિશ્ચય આપણે એ આદર્શને પહોંચી જઇશું. આદર્શ સામે રાખ્યા વગર જીવન વીતતું રહે એ બાળકના હાથમાં પેન્સીલ હોય ને તે લીટા પાડ્યા કરે એના જેવું છે. બાળકની ક્રિયા પાછળ યોજના ન હોય તો એ નિરર્થક લીટા કરશે. પરંતુ એની સામે કોઇ ચિત્ર હોય અને એ ચિત્ર પાડવાનો પ્રયત્ન કરતો હોય તો સંભવ છે કે બાળક ચિત્ર દોરવામાં સફળ થાય ખરો. એ જ રીતે આપણે એક આદર્શ નક્કી કરી એનું ચિત્ર નજર સામે રાખવું જોઇએ. અને એ ચિત્ર પ્રમાણે આપણું જીવન બની રહ્યું છે કે નહિ એ જો તપાસતા રહીએ તો અવશ્ય છે કે આપણે આગળ વધી શકીએ છીએ. એ માટે એ આવશ્યક છે કે આપણે આપણી બધી વૃત્તિઓ ઉપર ધ્યાન આપવું જોઇએ. એમાંથી જે અયોગ્ય હોય તેનો ત્યાગ કરી સારી વૃત્તિઓને ભાવનામાં પરિણત કરી એને શુદ્ધ બનાવી વિવેકપૂર્વક એનો કાર્યમાં ઉપયોગ કરવો જોઇએ.

આપણે આપણી બુદ્ધિ, મન અને કર્મનું નિરીક્ષણ કરી એને સુધારવા પ્રયાસ કરીએ તો જ આપણું જીવન સુધરી શકે છે. સૂતાં પહેલાં આપણે આપણો રોજનો હિસાબ રાખવો જોઇએ. જે કંઈ અનુચિત થઇ ગયું હોય, જે કોઈ દોષ થતો હોય, એ સર્વ માટે પ્રાયશ્ચિત કરવું જોઈએ. જેમ વેપારી સૂતાં પહેલાં પોતાનો હિસાબ રાખે છે તેમ જ આપણે સૂતાં પહેલાં આપણી દ્વારા થયેલી તમામ ક્રિયા આપણા આદર્શ સાથે સુમેળ રાખે છે કે નહિં તે તપાસી લેવું જોઇએ. વૃત્તિઓ અનુસાર જીવવું યોગ્ય નથી. પણ તે યોગ્ય છે કે નહિ તે તપાસી સારી વૃત્તિઓ અનુસાર જીવન વિતાવવામાં કલ્યાણ છે. એને માટે મનને શુદ્ધ, સ્થિર અને સ્વાધીન રાખવું આવશ્યક છે, તો જ આપણે ઉન્નતિ કરી શકીશું.

આપણે ગમે તેટલા સારા વિચાર કરીએ કે ઉત્તમ ઉપદેશ સાંભળીએ, અથવા પવિત્ર ગ્રંથો વાંચીએ, પરંતુ સારા વિચારોને જીવનમાં ઉતાર્યા વિના, એ પ્રમાણેનું આચરણ કર્યા વગર આપણી ઉન્નતિ નથી થઇ શકતી. આપણે કોઇ સારા કામમાં બહુ મોટું દાન કરી દઇએ તેથી આપણે શ્રેષ્ઠ નથી બની જતા. આપણી શ્રેષ્ઠતાનો આધાર તો છે આપણું દૈનિક જીવન, આપણું આચરણ. આપણું આચરણ ઉત્તમ છે કે નહિ? દાન, સમાજ સેવા, વગેરે સારાં કાર્યો છે. પરંતુ જીવનની શ્રેષ્ઠતા



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરિપૂર્ણરૂપે સદ્ગુણી બનવામાં છે. ધર્મ આમ તો દરેક વ્યક્તિ જાણે છે પરંતુ આચાર સર્વ નથી કરી શકતા. એથી માત્ર ધર્મ જાણવો કે સારા વિચાર કરવા એટલું જ પર્યાપ્ત નથી. પરંતુ એનો આચાર કરવાથી જ શ્રેષ્ઠતા પ્રાપ્ત થાય છે.

સુવિચારો પ્રમાણે આચરણ થાય એ માટે વ્યક્તિમાં સુસંસ્કાર હોવા જરૂરી છે. સંસ્કારો દ્વારા સદ્ગુણો પ્રવેશે છે. અને સદ્ગુણો પ્રમાણે વારંવાર આચરણ થવાથી એ સ્વભાવ બની જાય છે. સદ્ગુણ જ્યારે સ્વભાવ બની જાય છે ત્યારે અહંકાર નષ્ટ થઇ જાય છે. સદ્ગુણી આચરણનું જો કદાચ આપણને અભિમાન હોય તો સમજવું જોઇએ કે સદ્ગુણ આપણો સ્વભાવ નથી બની ગયો.

વાસણને કોઇ ચીજથી પૂરું ભરી દેવામાં આવે તો એમાં બીજી ચીજ રહી શકતી નથી. એ જ રીતે હૃદય સદ્ગુણોથી પરિપૂર્ણ હોય તો એમાં અભિમાન રહી શકતું નથી. આપણે બીજાથી શ્રેષ્ઠ છીએ, ચઢિયાતા છીએ એમ લાગે ત્યાં સુધી અભિમાન છે અને તે સર્વાંગીણ વિકાસમાં બાધક છે.

અહંકારથી સાચો વિકાસ થતો નથી. પાણી જોઇએ તો નમવું પડશે. નમ્યા વગર પાણી નથી મળી શકતું. સારો ઉપદેશ પણ નમ્ર બન્યા વગર ગ્રહણ નથી થઇ શકતો. જેને પોતાનું જીવન શુદ્ધ અને સરળ બનાવવું છે એણે અહંકાર છોડી નમ્ર બનવું જ પડશે.

નમ્ર બનવા માટે આપણે અંતર્મુખ બનવું જોઇએ. આપણે વિચારવું જોઇએ કે સંસારમાં દુઃખ કેમ છે? આપણે અશુદ્ધ છીએ, આપણામાં દોષ છે. આપણા દોષોને લીધે આપણે દુઃખી બનીએ છીએ અને બીજાને દુઃખી બનાવીએ છીએ. આપણામાં અશુદ્ધિ કે દોષ હોય તો જ આપણાથી અશુદ્ધ ઉચ્ચારણ થઇ જાય. જો આપણામાં પ્રેમ હોય, વિશ્વાસ હોય. તો આપણા મોઢામાંથી સારા શબ્દો જ નીકળશે. એટલે અંતર્મુખ બનીને આપણા દોષો જોતાં શીખવું જોઇએ. બીજાના દોષ જોવાથી કોઈ લાભ નહિ થાય. આપણે બીજાને છેતરી શકીએ પણ આપણી જાતને આપણે નહિ છેતરી શકીએ. અંતર્મુખતા એક અરીસો છે તેમાં આપણે જેવા છીએ તેવું જ આપણું પ્રતિબિંબ પડે છે. અરીસામાં મોઢું જોતાં જો મોઢા પર કોઈ ડાઘ પડ્યો હોય તો તે દેખાતા દૂર કરી શકાય છે. નામસ્મરણ, સંધ્યા, સામાયિક, નમાજ, પ્રાર્થના, તથા ધ્યાન-ધારણા વગેરે પાછળ અંતર્મુખ બનવાનો જ આશય છે. તેથી હંમેશાં અંતર્મુખ બની આપણી ઉપર નજર રાખવાની ટેવ પાડવી, તો આપણા દોષો દૂર થઈ શકશે.

પ્રત્યેક વ્યક્તિ આખરે સુખ ઇચ્છે છે. કોઇ દુઃખ ઇચ્છતું નથી, પરંતુ સુખ ઇચ્છવા છતાં અને સુખપ્રાપ્તિના પ્રયત્નો કરવા છતાં વધારે પ્રમાણમાં દુઃખી જ લોકો મળે છે. તેઓ હંમેશાં પોતાનાં દુઃખનાં રોદણાં રડે છે. જો કોઇ દુઃખી પોતાનું દુઃખ બીજાને કહેવા જાય છે તો તે સાંભળનાર પોતાનું જ દુઃખ રડવા લાગે છે. એટલે સંત કવિએ કહ્યું છે કે, 'સુખિયા ઢુંઢત મૈં, ફિર સુખિયા મિલત ન કોઇ, જિસકે આગે દુઃખ કહું સો વહી ઊઠા રોય.' એથી આપણામાં બીજાના દુઃખની વાત સાંભળવાની ધીરજ અને સહાનુભૂતિ પણ જોઇએ.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

દુઃખની વાત કહેવાથી દુઃખીનું મન હલકું થઇ જાય છે અને સહાનુભૂતિ પ્રગટ કરવાથી એ વહેંચાઇ જાય છે. અને જો આપણા હાથમાં હોય તો દુઃખીનું દુઃખ ઓછું કરવામાં મદદ કરવી જોઇએ. જો આપણા પર દુઃખ આવી પડે અને કોઈ એ દૂર કરે તો તે વ્યક્તિ આપણને પ્રિય લાગે છે. બીજાને પ્રિય થવા માટે બીજાના દુઃખને દૂર કરવું જોઇએ.

આપણે આ રીતે આપણું જીવન શ્રેષ્ઠ બનાવવું હોય તો એવો જ ઉન્નત જીવનનો આદર્શ દૃષ્ટિ સન્મુખ રાખવો જોઇએ અને એ આદર્શ અનુસાર ચાલવાનો નિશ્ચય કરવો જોઇએ. જ્યાં સુધી એવો દૃઢ સંકલ્પ આપણે નહિ કરીએ ત્યાં સુધી સદ્ગુણી ન બની શકીએ. જો દોષરહિત, સદ્ગુણી અને સંસ્કારી બનવું હોય તો એ આદર્શ સામે રાખી સદ્ગુણો કેળવવા જોઇએ. જીવનને ઉન્નત બનાવવા અનેક સદ્ગુણોની જરૂર છે. એમાં મુખ્ય છે વિવેક, સંયમ, સાવધાની, પુરુષાર્થ અને જાગૃતિ. વિવેક ન હોય તો સારા ખરાબનો નિર્ણય આપણે નહિ કરી શકીએ. વિવેક હોય પણ સંયમ ન હોય તો પણ નહીં ચાલે. કારણ સંયમ ન હોય તો સારા ખરાબનો ભેદ જાણવા છતાં એ અનુસાર વર્તી ન શકીએ. અને સંયમ પણ હોય પણ સાવધાની ન હોય તો પણ ગફલત થવા સંભવ છે. અને સાવધાની, સંયમ અને વિવેક ત્રણે હોય પરંતુ પુરુષાર્થ નથી તો કશું જ નથી. આ બધી વાત થવા છતાં પણ જો જાગૃતિ ન હોય તો કામ નહિ ચાલે. જીવનમાં જાગૃતિનું અત્યંત મહત્ત્વ છે. જાગૃત રહેવાથી જ ભૂલ સમજાય છે. જો મનોભૂમિકા સૂક્ષ્મ હશે અને વિવેક હશે તો દોષ જાણતાં વાર નહિ લાગે. સ્વચ્છ કપડાં પહેરવાની જેને આદત હોય છે એ મેલાં કપડાં જોતાં જ ઓળખી જાય છે, એને ગંદાં કપડાં સારાં જ નહિ લાગે. એ જ રીતે જાગૃત મનુષ્યને ભૂલ શોધવી મુશ્કેલ નહિ લાગે. આજથી નિશ્ચય કરો કે આ આદર્શ પ્રમાણે જીવન બનાવીશું.

(જનસંદેશમાંથી સાભાર) અનુ : **કલાવતીબેન વોરા**



## ખાસ વિજ્ઞપ્તિ

આ સભાના જ્ઞાનખાતામાં સારી એવી તૂટ છે. આ માટે દાન આપવા ઉદાર દાતાઓને વિનંતિ કરવામાં આવે છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન સમાચાર

ઝુરિચના ટ્રાવેલીંગ યુનિવર્સિટીના સભ્યો, ડૉ. ગુસ્તવ રોથની આગેવાની હેઠળ, ભારતીય સંસ્કૃતિના, અને ખાસ કરીને, જૈન ધર્મના વધુ અધ્યયન માટે ગઇ તા. ૨૨-૧-૬૬ ના રોજ ભારતમાં આવ્યા છે અને તે જ દિવસે મુંબઇમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની તેઓએ મુલાકાત લીધી હતી.

ડૉ. ગુસ્તવ રાથ 'શ્રી શાંતિનાથ ચરિત્ર' પર સંશોધન કરી પીએચ. ડી ( Ph. D. ) થયા છે. તેઓ તિબેટન, પ્રાકૃત અને અર્ધમાગધીના એક નિષ્ણાત વિદ્વાન્ છે અને તેમનાં મંતવ્યો આધારભૂત ગણાય છે તેઓ સંસ્કૃત અને હિંદીમાં વાતચીત સરળતાથી કરી શકે છે પરંતુ આપણે ત્યાં આવા વિદ્વાનોની જિજ્ઞાસાવૃત્તિ સંતોષી શકે તેવા વિદ્વાનોની મોટી ખોટ છે.

જ્ઞાનના પ્રચાર દ્વારા જૈન ધર્મના ઉંડા તત્ત્વજ્ઞાનનું ફલક જનસમૂહ સુધી પહોંચાડી શકે એવી કોઇ નિઃસ્વાર્થ સંસ્થા હોય તો તે સાધુસમાજ જ છે આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી, આ. શ્રી વિજયાનંદસૂરીશ્વરજી (આત્મારામજી મહારાજ), આ. શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી એ આગલી પેઢીના ધુરંધર યુગદષ્ટાઓ હતા. તેમની પછી આજે તેમની હરોળમાં ગણી શકાય તેવા આચાર્યો કે અન્ય નિષ્ણાતો આપણી પાસે પૂરતા પ્રમાણમાં નથી. આવા ઉચ્ચ શ્રેણીના નિષ્ણાતોને તૈયાર કરવા માટે અને તેમને પ્રોત્સાહન આપવા માટે શ્રી જૈન સંઘે હવે વ્યવસ્થા કરવાનો સમય પાકી ગયો છે એમ અમને લાગે છે.

## શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી

ભારતભરમાં જૈન તત્ત્વજ્ઞાનના પ્રચારદ્વારા આધુનિક પ્રજાના ચારિત્ર ઘડતરના ઉદ્દેશથી સ્થપાયેલ શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી મુંબઈની પ્રથમ વાર્ષિક ધાર્મિક ઇનામી પરીક્ષા તા ૧૬ મી જાન્યુઆરી ૧૯૬૬ ના રવિવારે શ્રી શકુન્તલા કાન્તિલાલ ઇશ્વરલાલ જૈન ગર્લ્સ હાઇસ્કૂલમાં લેવામાં આવી હતી. જેમાં મુંબઇ તથા પરાંઓની પાઠશાળાના ધોરણ ૧ થી ૪ સુધીના કુલ્લે ૭૧૯ બાળકો તથા બાળાઓએ ભાગ લીધો હતો. સોસાયટી તરફથી બહાર ગામનાં કેટલાંક કેંદ્રોમાં પણ પરીક્ષા લેવાય છે.

આ પ્રસંગે સંસ્થાના પ્રમુખશ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી, શેઠશ્રી ભોગીલાલ લહેરચંદ ઝવેરી, સંસ્થાના મંત્રીશ્રી પોપટલાલ કેશવલાલ દોશી વિગેરે હોદ્દેદારોએ હાજરી આપી અંગત નિરીક્ષણ કર્યું હતું.

બપોરના સમયે પરીક્ષાર્થીઓને-નિરીક્ષકો તથા આમંત્રિત સદ્ગ્રહસ્થોને અલ્પાહાર આપવામાં આવ્યો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી પ્રભુદાસભાઇનું સન્માન

મુંબઇમાં શ્રી ઘોઘારી વિશા શ્રીમાળી જ્ઞાતિનો એક સમારંભ તા. ૨૩-૧-૬૬ ના રોજ શ્રી પ્રભુદાસ ગાંડાભાઇનું સન્માન કરવા માટે શેઠશ્રી પ્રાગજી ઝવેરભાઇના પ્રમુખપદે યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે સર્વશ્રી રતિલાલ દીપચંદ, હીરાલાલ જુઠાલાલ, છોટાલાલ ગીરધર, વનમાળીદાસ પ્રાગજી નાનચંદ તારાચંદ તથા અન્ય વકતાઓએ પ્રસંગોચિત પ્રવચનો કર્યાં હતાં. આપણી સભાના ઉપપ્રમુખ શ્રી ફતેહચંદ ઝવેરભાઇએ પણ શ્રી પ્રભુદાસભાઇની જાહેર સેવાઓને અંજલિ આપતાં કહ્યું હતું કે "તેમણે કોઇપણ જાતનો હોદ્દો ધરાવ્યા સિવાય મૂકપણે જ્ઞાતિબંધુઓની અનેક રીતે સેવા કરી છે, આપણા પ્રાંતમાંથી આવતા બંધુઓને આશ્રય અપાવવામાં, વ્યાધિથી અભિભૂત થયેલાને ડૉક્ટર અને દવાની સહાય કરાવવામાં, મધ્યમ વર્ગને ગુપ્ત દાન કરવા-કરાવવામાં અનેક વર્ષોથી સેવા કરતા આવ્યા છે. તેઓ સરળ પ્રકૃતિના છે અને સેવા કર્યાનું અભિમાન તેમનામાં નથી. આવા નિરભિમાની સેવાકાર્ય કરનારા આપણી જ્ઞાતિમાં મળવા મુશ્કેલ છે. તેઓ તળાજા પાસે આવેલા ભદ્રાવળ ગામના રહીશ છે. સુખદુઃખ તેમણે જોયાં છે એટલે મધ્યમ વર્ગનાં સુખદુઃખ તેઓ પરખી શકે છે. તેઓ નમ્ર અને શાંત પ્રકૃતિના છે તેમજ સહુ સાથે હળીમળી રહ્યા છે. તેમનું સન્માન કરવું તે જ્ઞાતિની ફરજ છે. આજે પ્રભુદાસભાઈ એક તરફથી સન્માન લે છે અને બીજી તરફથી તેમને અર્પણ કરવામાં આવતી સન્માનથેલીમાં પોતાની તરફથી ઉમેરો કરીને તે સઘળી રકમ જ્ઞાતિભાઇઓના હિતમાં વાપરવા માટે જ્ઞાતિને પરત કરે છે અને એ રીતે પોતાના જ્ઞાતિબંધુઓને સન્માનિત કરે છે તે આપણે સૌએ ગર્વ લેવા જેવું છે."

આ સમારંભમાં શ્રી પ્રભુદાસભાઇને જ્ઞાતિ તરફથી રૂ. ૩૭૫૫૫) ની થેલી અર્પણ કરવામાં આવી હતી, જેમાં તેમણે રૂ. ૨૫૦૧) પોતા તરફથી ઉમેરી રૂ. ૪૦૦૫૨) ની રકમ જ્ઞાતિબંધુઓના હિતમાં વાપરવા માટે જ્ઞાતિને સુપરત કરી હતી.

અમૃતસરમાં તા. ૧૩-૧-૬૬ના રોજ સંક્રાંતિના પ્રસંગે બહારગામથી સેંકડો ભાઇબ્હેનો આચાર્યશ્રી સમુદ્રસૂરીશ્વરજી મહારાજના દર્શનાર્થે પધારેલ. તેમના માટે ચા નાસ્તા ભોજનનો પ્રબંધ થયો હતો, અને કાર્યક્રમમાં દેશના લાડીલા નેતા વડાપ્રધાન શ્રી શાસ્ત્રીજીના આત્માની શાંતિ અર્થે શ્રદ્ધાંજલી અર્પવામાં આવેલ. સંક્રાતિની સભા બાદ કેટલાક ક્ષત્રીઓએ અભક્ષ્ય ત્યાગ વિગેરે નિયમ ગ્રહણ કર્યાં હતા. શ્રી આત્માનંદ જૈન લાઈબ્રેરી ભવનમાં સાધ્વીજી પુણ્યશ્રીજીની શિષ્યા સાધ્વીજી પ્રમોદશ્રીજીની વડી દીક્ષા આચાર્યશ્રીના હસ્તે થઈ હતી.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક

"આત્માનંદ પ્રકાશ"નો આવતો અંક હવે ફાગણ-ચૈત્રના સંયુક્ત અંક રૂપે "**મહાવીર જયંતિ**" ખાસ અંક તરીકે પ્રગટ કરવામાં આવશે.

આપ જાણો છો કે આજની મોંઘવારીને અંગે આ માસિક ખોટમાં ચાલે છે, એમ છતાં જ્ઞાનપ્રચારની શુદ્ધ દૃષ્ટિ અને એને દરેક રીતે વધુ સમૃદ્ધ કરવાની ભાવનાથી અમો માસિકના વિકાસ માટે અમારાથી બનતું કરી રહ્યા છીએ અને આ દૃષ્ટિએ જ અમોએ આવતો અંક "મહાવીર જયંતિ" અંક તરીકે પ્રગટ કરી બને તેટલી સારી રસસામગ્રી તેમાં પીરસવા માગીએ છીએ અને તે બને તેટલો દળદાર કરવાની પણ અમારી ભાવના છે. તો વિદ્વાન આચાર્યો, મુનિમહારાજો અને અન્ય ગૃહસ્થોને વિનંતિ કે તેઓ પોતાના લેખો આ માસની આખર સુધીમાં બને તેટલાં વેલાસર અમને મોકલી આભારી કરે.

માસિકની ખોટને પહોંચી વળવા માટે યોગ્ય જાહેર ખબરો સ્વીકારવાનો અમોએ નિર્ણય કર્યો છે અને તે અંગે અમોને યોગ્ય સહકાર પણ મળ્યો છે.

વ્યાપારી પેઢીઓ અને સાહિત્ય-શિક્ષણ સંસ્થાઓને અમારી વિનંતિ છે કે મહાવીર જયંતિ અંકમાં તેઓ પોતાની જાહેરાત મોકલી જ્ઞાનપ્રચારના અમારા આ કાર્યમાં બનતો સહકાર આપી અમોને આભારી કરે.

આ માસિકમાં અપાતી જાહેર ખબરનો યોગ્ય બદલો મળી રહે છે તેની અમો આપને ખાત્રી આપીએ છીએ.

**—: જાહેરાતના દર :—**

પેજ આખું, રૂા. ૩૦ : પેજ અર્ધું, રૂા. ૧૮

ટાઇટલ પેજ ત્રીજું રૂા. ૪૦ : ટાઇટલ પેજ ચોથું રૂા. ૫૦

આપના લેખ અગર જાહેરાત તરત મોકલી આભારી કરશો.

## શ્રી જૈન આત્માનંદ પ્રકાશ : ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શા પ રી આ

બનાવનાર

- બારજીસ
- લાઈફ બોટસ
- ટગ્ઝ
- ડ્રેજર્સ
- પેસેન્જર સ્ટીમર્સ
- પોન્ટુન્સ
- મુરીંગ બોયઝ
- બોયન્ટ એપરેટસ વિગેરે

બનાવનાર

- રોલીંગ શટર્સ
- ફાયર પ્રૂફ ડોર્સ
- રોડ રોલર્સ
- વ્હીલ બેરોઝ
- રેફયુઝ હેન્ડ કાર્ટસ
- પેલ ફેન્સીંગ
- લેડ-યુલાઈટ ( લેડવુલ )
- મેગ્નેટીક સેપરેટર્સ વિગેરે

## શાપરીઆ ડોક એન્ડ સ્ટીલ કું પ્રા. લીમીટેડ

—: શીપ બીલ્ડર્સ અને એન્જીનીઅર્સ :—

ચેરમેન : શ્રી માણેકલાલ ચુનીલાલ શાહ

મેનેજીંગ ડીરેકટર્સ : શ્રી મોહનલાલ ભાણજી શાપરીઆ

શ્રી અમૃતલાલ ભાણજી શાપરીઆ

રજીસ્ટર્ડ ઓફીસ અને શીપયાર્ડ
શીવરી ફ્રોટ રોડ,
મુંબઈ નં. ૧૫ (ડી.ડી.)
ફોન નં. ૬૦૦૭૧/૭૨
ગ્રામ : "શાપરીઆ" શીવરી, મુંબઈ

એન્જીનીઅરીંગ વર્કસ અને ઓફીસ
પરેલ રોડ, ક્રોસ લેન
મુંબઈ નં. ૧૨ (ડી.ડી.)
ફોન નં. ૭૦૮૦૮
ગ્રામ : "શાપરીઆ" પરેલ, મુંબઈ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝપેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ અન્વયે "આત્માનંદ પ્રકાશ" સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

૧. પ્રસિદ્ધિસ્થળ : ખારગેટ, ભાવનગર

૨. પ્રસિદ્ધિ ક્રમ : દરેક અંગ્રેજી મહિનાની સોળમી તારીખ

૩. મુદ્રકનું નામ : અનંતરાય હરિલાલ શેઠ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર

૪. પ્રકાશકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભાની વતી,
ખીમચંદ ચાંપશી શાહ, ભાવનગર.
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ખારગેટ ભાવનગર

૫. તંત્રી મંડળ : શ્રી ખીમચંદ ચાંપશી શાહ, શ્રી હરિલાલ દેવચંદ શેઠ, શ્રી કુંદનલાલ કાનજી શાહ, શ્રી અનંતરાય જાદવજી શાહ, શ્રી અનંતરાય હરિલાલ શેઠ
કયા દેશના : ભારતીય
ઠેકાણું : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

૬. સામાયિકના માલિકનું નામ : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે. તા. ૧-૨-૧૯૬૬

ખીમચંદ ચાંપશી શાહ
હરિલાલ દેવચંદ શેઠ
કુંદનલાલ કાનજી શાહ
અનંતરાય જાદવજી શાહ
અનંતરાય હરિલાલ શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ATMANAND PRAKASH Regd. No. G. 49

# શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર

## ખાસ અગત્યની વિનંતી

આ સભા તરફથી આજસુધીમાં માગધી, સંસ્કૃત, ગુજરાતી, ઇંગ્લીશ તથા હિન્દી ભાષામાં લગભગ બસો પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યાં છે. તેમાંથી મોટા ભાગના ગ્રંથો આજે સ્ટોકમાં નથી, માત્ર સાઠથી પણ ઓછા ગ્રંથો સ્ટોકમાં છે અને તેમાં પણ કેટલાક ગ્રંથોની તો બહુ જ થોડી નકલો સ્ટોકમાં છે. હાલ જે ગ્રંથો સ્ટોકમાં છે તેમાંના સંસ્કૃત વિભાગની અગત્યની યાદી નીચે આપવામાં આવેલ છે. આ પ્રકાશનો ખૂબ જ ઉપયોગી અને તરત વસાવી લેવાં જેવાં છે. તો જેઓએ તે વસાવેલ ન હોય, તે પોતાના જ્ઞાન-ભંડારમાં તરત વસાવી લ્યે તેવી અમારી ખાસ વિનંતી છે. નીચે દર્શાવેલ કીંમતે ગ્રંથ સ્ટોકમાં હશે ત્યાં સુધી આપવામાં આવશે અને ખાસ સગવડ તરીકે તેમાં સાડાબાર ટકા કમિશન કાપી આપવામાં આવશે.

१ वसुदेव हिन्डी : (द्वितीय અંશ) १०-००

२ आ. देवेन्द्रसूरिकृत टीकायुक्त कर्मग्रंथ
भा. रजो (પાંચ અને ૭) ६-००

३ जैनमेघदूत २-००

४ प्रकरण संग्रह (પ્રતાકારે)
(જેમાં સિંદુર પ્રકરણ મૂળ, તત્ત્વાર્થાધિગમ સૂત્ર મૂળ, ગુણસ્થાનક્રમારોહ મૂળ છે.) ०-५०

५ त्रिषष्ठी पर्व भा. ૧લો. (મૂળ સંસ્કૃત) ६-००

६ „ भा. रजो ( „ ) ८-००

७ „ (પ્રતાકારે) १०-००

आ. श्री विजयदर्शनसूरिकृत टीकायुक्त

८ सम्मतितर्कमहार्णवतारिका........ १५-००

९ तत्त्वार्थाधिगमसूत्रम्............ १५-००

## લખો :—શ્રી જૈન આત્માનંદ સભા : ભાવનગર

પ્રકાશક : ખીમચંદ ચાંપશી શાહ, શ્રી જૈન આત્માનંદ સભા વતી
મુદ્રક : અનંતરાય હરિલાલ શેઠ, આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ-ભાવનગર.

For Private And Personal Use Only